"શ્રી"

સુંદર માધવ.

શ્રીમંત ગાયકવાડ સરકાર સયાજીરાવ
મહારાજાશ્રિત.
(શ્રી દેશી નાટક સમાજને માટે)

રચનાર

વ્યાસ વિજયશંકર મંછારામ રાંદેરી.

(આવૃત્તિ ૧ લી પ્રત ૨૦૦૦)

અમદાવાદ.
નાગાની હવેલીમાં યુ. પ્રી. એ. જ. એ. કં. લી. પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યું.

સંવત ૧૯૫૦ સને ૧૮૯૩.
કીંમત રૂ૦-૨-૦.

પાત્રો.

યશવંતસિંહ—	વિજયપુરનો રાજા.
બાગસિંહ—	રંગપુરનો રાજા.
જયપાળ—	યશવંતનો સેનાપતી.
માધવ—	વિજયપુરનો ગરીબ રજપુત, લશ્કરી સિપાઇ.
માનસિંહ—	લશ્કરી સિપાઇ.
કેશવ—	માધવનો ભાઇ.
રમણિક—	સેનાપતીનો છોકરો.
રાજસિંહ—	રાજબેટનો રાજા યશ૦નો મિત્ર.
સામત—	સેનાપતીનો બીજો છોકરો.
પ્રતાપસિંહ—	સેનાપતીનો જમાઇ યશવંતનો દરબારી.

વિદુષક. કોટ. સિપાઇ લૂટારા. બારવા. છોકરા. વાદી. ખેડુત. ભટ. વિ૦ વિ૦.

સુંદર—	યશવંતની પુત્રી માધવની સ્ત્રી ને રૂપાળીની સખી.
રૂપાળી—	રાજસિંહની પુત્રી માધવની સ્ત્રી સુંદરની સખી.
વિમળા—	સુંદરની મા. યશ૦ની સ્ત્રી.
કળા—	પ્રતાપની સ્ત્રી સેના૦ની પુત્રી.

વારાંગના. દાસી. સખી. છોકરી. વિ૦ વિ૦

નાટકનો ટુંક સાર.

પ્ર. ૧ લો. વિજયપુરના સદગુણી રાજા યશવંતની સુંદર નામની રૂપવતી કન્યાનું માગું રંગપુરના દારૂડીઆ રાજા બાળસિંહે કર્યું, એ અયોગ્ય માગાની યશવંતે ના પાડી, બાળસિંહે યશવંતને હેરાન કરવા પગલાં ભરવા માંડયાં, કેટલાક માણસોને ચઢાવી યશવંતના રાજ્યમાં લુંટ ચલાવવા માંડી; યશવંત દરબાર ભરી બેઠોછે એવામાં ફરીથી બાળસિંહનો ભાટ આવી સુંદરને બાળસિંહ વેરે દેવા કહેછે, આ અયોગ્ય માગાનો હવે યશવંત તિરસ્કાર કરેછે. બાળસિંહ યુદ્ધ માગેછે એ જાણુ થતાં યશવંત તૈયારી કરેછે.

પ્ર. ૨ જો. બાળસિંહ યશવંતના એક સિપાઇ માનસિંહને લાંચ આપી ફોડે છે; દુરગુણી માણસથી લલચાનારો છેવટ પસ્તાશે; નાલાયક રાજા દારૂમાં મસ્ત હોયછે, બારોટ આવી યશવંતે "ના પાડી" કહેછે, નિપામાં ચકચુર "લડો લડો" કહેતો બેહોશ થાયછે.

પ્ર. ૩ જો. લડાઇની તૈયારી, લડાઇ. ફુટેલો માનસિંહ યશવંતપર હાથ ઉંચકેછે; માધવ તેના હાથમાં ભાલો મારી તેને નાસીપાસ કરેછે તે નાસી જાયછે; એક બાળસિંહનો સિપાઇ યશવંતપર ધશી આવેછે તેને પણ પાછો હઠાવી શુરવીર માધવ દુશ્મનના લશ્કરમાં યાહોમ કરી પડેછે, બાળસિંહનું લશ્કર ન્હાસી

છુટેછે; અકસ્માત ભાગ્યોદય થાય છે; માધવ યશવંતને પ્રિય થઇ પડેછે.

પ્ર. ૪ થો. અદેખાઇથી ગરીબની ચઢતી સ્થિતિ જોઇ શકાતી નથી. બાળસિંહના (લુટારા) માણસોએ પાંચ ગામ બાળી મુક્યા એવી ખબર આવતાં યશવંત એ બંદોબસ્ત હજી થતો નથી તેથી દિલગીર થાયછે ચતુર માધવ એ લુટારાઓની બાળ લાવવા હિમ્મત બીડેછે સેનાપતી યશવંતને માધવ તરફથી ચઢાવી આપેછે માધવ પાછો આવી શકશે નહિ ધારી નિશ્ચિંત થાયછે.

પ્ર. ૫ મો. લુટારાઓ સુંદરના બાગમાં સુરંગ કાઢી ગયાછે, લાગ મળે સુંદરને ઉપાડી લાવવાની તૈયારીમાં છે, ચપળ માધવ અઘોરી સાધુના વેશમાં અહીં આવેછે. લુટારો મોઘમમાં પ્રશ્ન પુછેછે યુક્તિથી જવાબ આપી ભૂત ભવિષ્ય જાણુંનાર થઇ બેસેછે, એની રહેવાની જગ્યા જોઇ લેવા ચતુરાઇ લડાવી ત્યાં જાયછે.

પ્ર. ૬ ઠો. ઘણા દિવસથી સુંદર પાસે આવેલી સહીપણી રૂપાળી આજે પોતાને ઘેર જવાની છે સખીઓ આનંદથી રમેછે સાચી સહી બન્ને એકજ પતીને પરણુવા વચનથી બંધાય છે; તૈયારી થતાં રૂપાળી જાયછે; સુંદરનું હરણ થાયછે.

પ્ર. ૭ મો. માધવ ગુફા જુવેછે નાસવાની યુક્તિમાં નિષ્ફળ થાયછે; વ્હેમમાં નાંખી ભોમ લેવા મોકલેલા લુટા-

રાઓ જયપાળના કોમળ બાળક રમણિકને પકડી લાવેછે; માધવ ગુફા અંદરથી પણ જોઇ લેવા જાય છે; દોરીથી ઉઘડતા પથ્થરના દરવાજાની ઉઘાડવાની દોરી કાપી નાખેછે; કેટલાક લુટારાઓ સુંદરનું હરણ કરી લાવેછે, માધવ રાજકુમારીને જુવેછે, વ્હેમમાં નાખી બધા લુટારાને ગુફામાં પૂરી દરવાજો બંધ કરાવી દે છે; સુંદરી પાપી બાજોના પંજામાં સ- પડાઈ ગયેલી મેનાસુંદર શુદ્ધીમાં આવેછે. માધવનુ સ્વરૂપ જોઇ મુર્છા પામેછે; પડતીને શૂરો બચાવેછે, પણ ચિત્ર -હૃદયમાં પડી જાયછે.

પ્ર. ૮ મો. શોધવા નિકળેલા સિપાઇઓમાં હરામી ભૈ- યાજીનું ઢોંગ; સુંદર મળ્યાના સમાચાર મળ્યા.

પ્ર. ૯ મો. સુંદર—માધવને ઓળખ થાયછે; યશવંત—શુ- રવીર ગુણવાન માધવને ખુશી થઇ માગ્યું આપવા કહેછે, સદગુણી માગવાનુંજ માગેછે; સભ્યતાથી ઉભા રહેલા સુજાણુને પ્રીતી છાની છાની અસભ્ય કરે જાયછે. સ્નેહ સુંદરઘેલી, ખુંખારા કરી સામે જોવરાવે છે. થાક્યાને વિસામો મળેછે, માધવે શ- રમથી માગણી કરી નહિ ધારી સુંદર સાથે માધ- વના લગ્નની ગોઠવણ થાયછે.

પ્ર. ૧૦ મો. ભાભી પાસેથી મળેલી દિયરને ભેટ. પાપી સેનાપતીની વાતો સાંભળેછે કેશવ ચાલતો થાયછે.

પ્ર. ૧૧ મો. કેશવ—માધવ સુતા છે સેનાપતીએ મોકલેલા

સિપાઈઓ છાપરૂં ફોડી ઉતરેછે માધવને ઉપાડી નદીમાં નાખવા લઇ જાયછે.

અંક બીજો.

પ્ર. ૧ લો. બાઇના ગુમ થવા પછી આગળની રસ્તામાં સાંભળેલી વાત યશવતને કહેછે, માનવામાં ન આવવાથી કેશવની ફરિયાદ રદ ગયે બાઇનું વેર લેવા કેશવનો સેનાપતીના તમામ કુટુંબ કબિલાને મારવાનો ભયંકર વિચાર, સેનાપતીના રમણિકને પટાવી જંગલમાં મારી નાખવા લઇ જાયછે.

પ્ર. ૨ જો. નદીમાં નાખેલો માધવ રાજ બેટના ખારવાઓને હાથ ચઢેછે.

પ્ર. ૩ જો. કેશવ રમણિકને મારવા ખંજર કાઢેછે. કોમળ બાળક ઘણી આજીજી કરેછે કેશવ માનતો નથી. નિરાધાર કેશવ બાઈ બાઈ કરતાં મધુરાં બાળકના ગળામાં ખંજર ખોસી દઈ નિરાધાર કરી ચાલ્યો જાય છે. જીવતો રહેલો બાળક વાદીગરને હાથ ચઢે છે.

પ્ર. ૪ થો. રાજસિંહને ત્યાં માધવ. સિપાઇઓ સાથે ટંટો. રૂપાળીના હૃદયમાં માધવનું વસવું. શરમાળ રૂપાળી માધવને ઓળખે છે.

પ્ર. ૫ મો. માધવ રાજસિંહને મળેછે, આજેજ રૂપાળી

સાથે લગ્ન કરી દેવાનો ઠરાવ થાયછે. દુષ્ટ કોટવાળ માધવને મારવા યોજના કરેછે.

પ્ર. ૬ ઠો. દાસીઓ લગ્નના ઉલ્લાસમાં.

પ્ર. ૭ મો. રૂપાળી સાથે માધવના લગ્ન થાયછે.

પ્ર. ૮ મો. કોટવાળ ખારવાને આડું સમજાવી માધવને કાપી નાખી દરિયામાં નાખી દેવા શિખવે છે.

પ્ર. ૯ મો. ગુણવાળી સુંદર પ્રિયના ગુમ થવાથી ગાંડી જેવી થઇ ગઇછે, વિમળા સુંદરનું દુઃખ કદાચ કેશવને જોઈ ઓછું થાય ધારી કેશવ સાથે સુંદરને મેળવેછે. વેરનો ભરેલો કેશવ સુંદરને પણ મારવા પેરવી કરી ચાલ્યો જાયછે. દુખિયારી પ્રાણવલ્લભનું રટણ કરતી ગળામાં ચોટલાનો ફાંસો નાંખી આપઘાત કરવા તૈયાર થાયછે. વિમળા આવી અટકાવે છે.

પ્ર. ૧૦ મો. માધવને મારવા ખલાસીઆઓની તૈયારી વહાણ ડુબવા માંડેછે માધવ તરતો કિનારા તરફ ચાલેછે ખારવાઓ પાછળ પડેછે.

પ્ર. ૧૧ મો. દરિયા કિનારા પરના બગીચામાં હવા ફેર માટે, પ્રાણવલ્લભને મળવા માટે આવેલી પ્યારસેલી સુંદર પ્રાણનાથને માટે હાર તોરા તૈયાર કરી છાબડી લઇ આમ તેમ શોધતી ફરેછે, બિચારીને ક્યાંય મળતા નથી રડેછે ગાંડી કંઇક હસીજ પડેછે, જાણે પ્રિતી સાગરમાં ડુબકાં ખાતી હોયની ! માધવ

કિનારે નિકળતાં છુટે વિખાચલે માથે બેઠેલી સ્નેહ દરદીને જુવેછે, રસિયાને રસિલીએ દીઠો ઉઠી વળગી પડી. મારવા ધસી આવી પાછળથી માધવના માથામાં કુવાડીનો ઘા કરેછે માધવ બેશુદ્ધ થાયછે. ગરીબ બિચારી સુંદર છેક ભાન ભુલી જાયછે.

અંક ત્રીજો.

પ્ર. ૧ લો. કેશવે જયપાળના જમાઇ પ્રતાપસિંહને સાંથી ખંજર ચોરી લાવી એના દીકરા સામતને મારી પ્રતાપને માથે એ ખુન નાખવા પ્રપંચ ગોઠવ્યો છે સામંત લાગમાં આવતાં મારેછે, સેનાપતી જયપાળને ઉશ્કેરી પ્રતાપને મારવા મોકલેછે.

પ્ર. ૨ જો. પ્રતાપ પ્રિયા સાથે બેઠો બેઠો સેતરંજ રમેછે. પાસે નાનાં બે બાળક બેઠાં બેઠાં કાલું કાલું બોલી ખુશી કરેછે સેનાપતી છુંપી રીતે આ બનાવ જુવે છે અને થતી વાત સાંભળેછે વાત કાંઇ ભેદ ભરેલી લાગેછે સેનાપતીનો વ્હેમ મજબુત થાયછે, પ્રતાપને મારવા ધસેછે, સિપાઇઓ પાસે પ્રતાપને તથા કળાને પકડાવેછે પ્રતાપ સામો થતાં ઘાયલ થાયછે. બે નાનાં બાળકને ઘાતકી નાથ હરણના બચ્ચા પેઠે વીંખતો મારતો ઉપાડી જાયછે.

પ્ર. ૩ જો. કેશવે પોતાનું વેર ઘણુંખરૂ વાળ્યું સમજે છે

સેનાપતીને જીવથી નહિ મારતાં નાક કાપી છોડી મુકેછે સિપાઇઓની વ્હાર થવાથી શહેર છોડી નાસી જાય છે.

પ્ર. ૪ થો. આજે દાસીઓએ બગીચો શણગાર્યોછે માધવ સુંદર આવતાં હર્ષમાં વધાવી લેછે પ્રેમી હાથ મેળવે છે, અરસપરસને સ્નેહ કંસાર ખવરાવેછે ડાહી થયેલી સુંદર પ્યારઘેલી હજી છે. રૂપાળી પણ અહીં આવી પહોંચેછે મુગ્ધાને માધવ લડાવે છે એક વાદીગર ખેલ કરવા આવેછે નાનો ચપળ છોકરો જાદુના ખેલ કરી સારૂં ઇનામ મેળવેછે, એ છોકરો તે સેનાપતીનો રમણિક ઓળખાયછે. માધવને ધસી બેટી પડેછે.

પ્ર. ૫ મો. પકડવા નિકળેલા સિપાઇઓને કેશવ લુટી લેછે.

પ્ર. ૬ ઠ્ઠો. કેશવ વિજયપુર જતી સુંદર રૂપાળીનો રથ અટકાવેછે. નાનો રમણિક સામો થાયછે, લડવા કરતાં ઘરેણાં આપી ચાલ્યાં જવું સારૂં સમજી સુંદર ઘરેણાં ફેંકી દેછે, રથ ચાલતો થાયછે, પાછળ આવતા માધવને કેશવ રોકેછે, તરવાર અને પાવડી પડાવી નાસી જાયછે માધવ પાછળ પડેછે.

પ્ર. ૭ મો. બે ગામડીઆના લુગડાં કેશવ ઉતરાવી લેછે, હવે મારવું કે મરવું એવો મક્કમ ઠરાવ કરી છાની રીતે યશવંતના દરબારમાં ઘુસી જવા વિચારી તે તરફ રવાના થાયછે, માધવ આવી ખેડુતને પુછતાં કેશવને ઓળખેછે, બાઇની શોધમાં દોડી જાયછે.

પ્ર. ૮ મો. સુંદરના લગ્ન સમારંભ માટે આવેલો મિત્ર રાજસિંહ અને યશવંત દરબાર ભરી બેઠાછે કેશવને પકડવા હુકમ કાઢેછે કેશવ વેરના આવેશમાં સિંહના બચ્ચાની પેઠે પોતાને અન્યાય આપનાર યશવંતપર તુટી પડેછે પકડાઈ જાયછે, ન્યાય થાયછે, ગુનેહગાર ઠરેછે; માધવ ભાઇને શોધતો ધસી આવેછે. પાંજરે પડેલો સત્યવાદી ભાઇને દોડી વળગી પડેછે, માધવની જુબાની લેવાયછે, કેશવને માથે ઘણા ગુના સાબિત થાયછે, દેહાંત દંડની શિક્ષા ઠરી ચુકેછે એટલામાં સુંદર રૂપાળી તથા રમણિક આવી પહોંચેછે સેનાપતી પોતાના એ બાળકને પાસે લેવા ધસેછે રમણીક ખસી જાયછે, દુરાચારી અદેખા બાપ કરતાં નબાપા સારા એવું કહેછે. સેનાપતી હવે વાત બ્હાર પડશે ધારી પોતાનો ગુનો કબુલ કરેછે કેશવને છુટો કરવામાં આવેછે, વડીલના વેર માટે બનેલો મોટો ખુની પણ સદગુણી દયાળુ કેશવ ઉગરેછે. યશવંત માધવને સુંદર સોપી રાજ ભળાવેછે, સેનાપતીને કુમારકેશવ તથા સદગુણશિરોમણી માધવની ભલામણથી માફી મળેછે રમણીકને સેનાપતીની પદવી મળેછે. લાયકને રાજ મળેછે પાપ છેવટ પકડાયછે. ગુણવાનને ગુણવાન સુંદર રૂપાળી શોભાવેછે.

સુંદર માધવ.

વારાંગના— (૧)

તનન તનન તનના.........
નાદર દીં દરદર દીં દીં દીં;
દીં તનના દીં તનના દીં તનના દીં તનના. તન૦
સા, સાનીધ સાનીધ સાની સાની ધપમગરેસા.
સારેગ સારેગ સારે સારે ગમ પધનીસા,
સાસા નીની ધધ પપ સાનીધપ મગરેસા;
નરનારી નાચે નરહરમાં, નિરખ નિરખ સહુ નવિન નવિનમાં;
તુંપણ રાચ નાચ ગુણવંતા, થક થૈ થૈયા થનનક થૈયા;
સુણ મૃદંગ સુર ધાધાધા, ધિમિકિટ ધિમિકિટ. તન.

વિદુષક— (૨)

આવ્યો આ વખત ભુંડો નામના રાજા ધર્મ ચુકી મોજ માણતા!
દારૂના શીશા ખીસામાં ગુણુકાને, ઘર રાખી રૂડું જાણતા!
રંગ ગયા સહુ ઢંગ ગયા સહુ, ખ્હાર ગયા સહુ ભાર થયા સહુ;
રૂપ ગયાં સહુ ધૂપ થયાં સહુ, ધામ ગયાં સહુ નામ રહ્યાં સહુ.
તનનન ટેંટેં થૈથૈ થય્યા, ધાધા ધમ્મડક છનનન છય્યા;
ખુશી રહે ઠોઠ એ જોઈ, બાંદરાં સસલાં મારી શુરાતન માનતા!

લશ્કર— (૩)

શૂરા ચાલો સૌ સરદાર, ધૂમો ચટકાવી તલવાર,

કરવા પાપીને બેજાર હિમ્મતથી,
મારી ભાલાનો પણ માર, અવળી આડી રાખી ધાર;
છેવટ પકડી કરવા ઠાર હિમ્મતથી,
કરતાં એક એકને વ્હાર, રહેવું ફરવું થઈ હુશિયાર,
થાતાં જય નહિ લાગે વાર હિમ્મતથી,
હટતાં પ્હેલી થાશે હાર, દુશ્મન આપે દુઃખ અપાર,
રણમાં મરવું એજ સુસાર હિમ્મતથી,
રાખો ડર નહિ અંતર, છે દુખકર શુરવિર નર,
જો મનપર લો બળધર, તો જયકર હો યશવર,
જય જયકાર દે કિરતાર, સતબળ સારથી લડનાર. કરવા.

લશ્કર— (૪)

અફળ બને અફળ બને,
પાપી હારે ધર્મી પામે જય જય જય;
વાદળી ઘણી ચઢે સૂર્યને વિંટે નડે,
સત્ય તેજ ના ઘટે વાદળી ઉડે હટે,
તપે–રવી–ભલી–થવી–લીલા–નવી ! ! !

માધવ— (૫)

છે મુરખ જે ભુલેછે, ગુરૂ જ્ઞાન વિજય વિજયને,
કૃપાથી ગુરૂ જય મળે......છોડી દે ભયજે; છે.
ગુરૂ મૂળ જો ન હોય, ક્યાંથી પામે ફૂલ ફલે,
પહેલો યશ ગુરૂને, ગુરૂ કરતા નિરભયજે. છે.

માધવ— (૬)

શિવહર શિવ ઉમિયા પતિ શંકર જય જય હે હર તું.

જય હરી–જય હરી !

શંભૂ કંઠ સદા બિન ધારી ચંદ્ર તિલકકર તું કૃપાલુ. શિવ.
તું ઓંકાર બ્રહ્મ નારાયન કૃતિકર જગધર તું કૃપાલુ. શિવ.
નિરભય રામ કૃષ્ણ દામોદર તુંહિ તુંહિ ચિત્તધર તું કૃપાલુ.શિવ.

માધવ— (૭)

કર્મ કિયો શિવ સબ તુને નિરકર્મી બિન રંગ;
કર્ત્તા પર કાયા નહીં દે દે તેરા સંગ.
જયસી કરતી જશ દિયો થીર કિયો ગુન ધામ;
નિર્ભાગી દેખે નહીં હર હર પૂરન કામ.

સુંદર–રૂપાળી |
સખીઓ. | (૮)

ગ રે સા રે સા ની ધ પ—
ગ રે ગ પ ધપ મગ રે સા.
નીની ધધ પપ મમ ગગ રેગમપધ પધપમ,
નિધપગગરે પરે સારે સાનીધપ—ગરે.
આ જાશે ઉડી તું તુરને ઉડી જવું,
લે સાધી સુર ગઈ પળમાં પળપળમાં નવું;
સાથી છે હરી સજ કરી મન હરી ભજ હરી,
એથી તરી જવું. ગરે.

રૂપાળી— (૯)

અહા ! શું શોભેછે રંગીલું રસીલું મુખડું આ !
મોહ રહ્યો ઝરી ! બાણુ રહ્યાં ખરી !
પ્રીત નદી ભરી ! કોણુ શકે તરી ! આહા ! !

વ્હાલીનું આ ! શું.

મદનના ચાળા લટક મટક ચટક છટક આ !

સુંદર—નયન નાચતાં મનને હરી લે ઘેલુંએ કરી દે આ !

ગાલ રહ્યા હસી !

રૂપાળી—હોઠ રહ્યા ધસી !

સુંદર—તન રહ્યું તસી !

રૂપાળી—રંગ પીવા ખસી !

સુંદર—આ રહ્યું ! !

રૂપાળી—શું કહ્યું ?

સુંદર—પ્યારીનું ! !

રૂપાળી—મારી નું.

બન્ને—શું આ વ્હાલીનું આ ! શું.

રૂપાળી— (૧૦)

જે કોટે માળા એ ચઢશે અજવાળું ત્યાં પડશે;
એ મણી સાદાં ત્રીજું પાસાવાળું ઝઘઝઘ કરશે;
લોહ હશે તોયે કનક થશે પારસ સ્પર્શે. લો.

એક સખી— (૧૧)

સારૂં સારૂંરે સમજજો બાઇ કુંવારાં રહી મરવું;
ભુંડું ભુંડું એ પરણવું બેન નહીં કોદી ઠરવું.
પુરૂષો પાપી હુકમ બજાવે હિબકયાં ચમકયાં ફરવું રે;
એઇ— એઇ— દોડી દોડી મરવું. નહીં.
લખ્યું લલાટે દાસીપણું જાણે નારીને કરવું રે;
દીઠો હોય પિટયો પતિ તોપણુ પેટ દઝીને બરવું નહીં.

ભંગેરી— (૧૨)

ભાંગ ચઢી—ભાંગ ચઢી—ભાંગ ચઢી રે (૨)
હી. હી. હી. હી.

બીજા.લૂ.—બોલ કેટલી છે ?

ભંગેરી— ત્રણ છે ત્રણ.

મઝેની ભાંગની લ્હેરો અહાહાહા ઓહોહોહો !

બધા લૂ.—મુઓ તું ભાંગનો પીતો,

ભંગેરી—આહાહા ! ઓહો હો હો !

બધા લૂ.—તૈયારી છે પડવાની,

ભંગેરી—જા જા જા પડવાવાળી,

બધા લૂ—એ પડયો—એ પડયો—એ પડયો—એ પડયો—

એ—એ—એ—એ—એ.

(૧૩)

બધા. લૂ—મૂરખ જન કેફ કરેછે ધન ખરચી અંધ ઠરેછે;
એ ઉભો થાય પડેછે એમાં શું સાર જડેછે?
લોક કહે ભંગેરીને પડે ખાડ માલ;

ભંગેરી— ભાંગ પીએ ભાગ્યશાળી કંઇ કંઇ દેખાય !

બધા. લૂ— એ કડડડ ભૂસ—એ કડડડ ભૂસ. મૂ૦
પૈસા જાય પોતાના ને ઘેલો પોતે થાય;

ભંગેરી— વિજયાના રંગમાં આ વૈમાન દેખાય !

બધા. લૂ— એ કડડડ ભૂસ—એ કડડડ ભૂસ. મૂ૦
પડી જાય ધૂળ ખાય ધંધો ચૂકી જાય;

ભંગેરી— દુધપાક પૂરી જો મળે તો તો રંગ થાય.

બધા. હૂ— એ કડડડ ભૂસ–એ કડડડ ભૂસ. મૂ૦

માધવ— (૧૪)

અમર સબ સમજ સમજ અગનાની;
ઉડે પડલ ઊડત પાની પાનીરે. અ૦
નભ જીતા જલ સ્થલ હય જીતા,
જીતી મુખકી બાનીરે. અ૦
તરૂ મીઠ્ઠાસે મીઠ્ઠી તરૂકી,
કયસી કલા અનજાનીરે. અ૦
પવનસે દીપક મૃત તબ કૈસે?
નિરભય દુનિયા ફાનીરે. અ૦

માધવ— (૧૫)

મનહરે પ્યારી પ્યારી છબિ રસ ભરિ વસે નયનમાં !
મધુરી મધુરી થોડી થોડી ઘડી દેવે લઇ ફુરસદ પ્રિતિ-
રમા. મન૦
મલક મલક મુખ મીઠું મીઠું મલકાય,
મારી જાય ! વારી જાય ! હારી જાય ! મોહ વારી !
સ્નેહ ધર ! સુખ કર ! મનહર ! પ્રિતસર !
બોલે નહિ વસ કરે, ડોલે નહી રસ ઝરે !
એ વહી રહી નદી નિરમળ રૂડાં મોજાં !
જળ પીવા લુભાવે બેઉ હાથે ધારી. મન૦

સિપાઈ— (૧૬)

વા ભૈયાજી વા ભૈયાજી ખૂબ કરોછો વા વા વા!

અજોધાપ્રસાદ—રામ રામ મરજાતા હું મૈં—

સિપાઈ— ખૂબ કરોછો !
અજોદ્ધા— આ હા હા—અરરરરરરરર !
સિપાઈ— અરે વાહલા ! '
અજોદ્ધા— જાય છુટયરવા,
સિપાઈ— હમણાને હગણા ? વા૦
અજોદ્ધા— જલી યે નોકરી !
સિપાઈ— કુમારીની શોધ મળી,
સિપાઈ— હું શું કહેછે ? ખુબ બની ગઇ ! વાવાવા ! વા૦

સુંદર— (૧૭)

વ્હાલા વ્હાલા આવો કહી બેસારશું બન્ને બેસી સાથ;
પ્હેરો પ્હેરો પ્યારા પિયૂ પ્હેરાવશું બન્ને બાંધી હાથ. વ્હા.
હસી હસી સ્વામી કેરા બન્ને લેશું હાથ,
ધસી ધસી આવાં ખસી બન્ને દેશું બાથ,
મીઠી મીઠી વાણી વદી આનંદે અપાર,
હળી મળી બેહુ સખી લઈ લેશું સાર,
ખોટાં ખોટાં રીસાવીને કરતાં કટાક્ષ,
કાલા વાલા કરાવીને પૂરી લેશું આશ. વ્હા૦
આનંદે આનંદે રમશું સદા, આનંદે આનંદે ગમશું સદા !
રંગીલી નાર રંગી ભરથાર, ઉમંગ ત્યાર સુરંગી સાર. વ્હા.

માધવ. (૧૮)

અકળકળા પરમેશની પવન લ્હેર બદલાય;
તરવર ઝૂકે રંગમાં પળમાં સ્થિર થઈ જાય.
રાય રંક પળમાં બને રંક રાય બનિ જાય;

જળ તરંગ કે કૂદતાં નાનાં મોટાં થાય.

માધવ— (૧૯)

રસિયા લુભાવી ગુંજ કરિ મીઠી ખસી ગયા,
ભૂલી ભ્રમરના પ્રાણ પ્યારા વેગળા થયા.
જોગી થઈ ભુરકી ભલી પ્રિત ઘેલી થઈ ગઈ,
ભુરકી રહી જોગી ફિટી ગુણવાન થઇ ગયા.
ગુણવાન તે ગંભીર શીતળ મેઘસું ચઢયા,
આવી નજીક ને નેત્ર વિજ ચમકાવી દુર રહ્યા.
તરસી રહું છું બેસતાં ફરતાં સુતાં બધે,
ઘેલી ગરિમને સ્નેહજળ ધસિ પાઓ કરી દયા.

કેશવ. (૨૦)

મોહું બહૂ ગંધાય ને પડે ટીપાં ટપ ટપ ટપ ટપ,
બોલે નસકોરાં બાઇરે ખેંચે સણકા એ. * *.
કહે દિયર ને છાંટા ઉડાવે, જાણે દિયરને મોતી વધાવે,
જુવો શરિર ગંધાયરે. પડે૦
વાત કરૂં જો હું રડવાની, નહિ સહમજે કાંઇ બસ હસવાની,
હૈં હૈં હૈં હૈં હૈં હૈં હૈં હૈં બાઇરે. પડે૦

માધવ— (૨૧)

મુખ મીઠું મન મીઠું, ગુણ મીઠા ને શરિર રસિક મીઠું;
સહુથી અધિક નયન જે, જોઈ જરા સામું મન હરિ લીધું.

માધવ.— (૨૨)

મારી પલક જુવેછે આડું શરમ ગાલ સંકોચે;

જાણે હરણીને ડર લાગે છાતી ધબધબ ધબકે;
મન મળતું બાવે, ફોકટ વ્હાલી તરસાવે. મન૦

—o—

અંક બીજો.

કેશવ— (૨૩)

ભલે ઘરબાર જાજો છત્ર કોઇનું જશો ના,
ગરીબી એજ બીજો હાય ટળવળતો થશો ના.
હિંસે સંસાર સૂનો ને શિયાળો તોય દાઝે,
કદાપિ અનાથ નીરાધાર વેરીએ થશો ના. ભલે.
ગરીબી એક ચોમાસું ભિંજે બચ્ચું બિચારૂં,
ગયાં મા—બાપ માળો હાયરે તૂટી જશોના. ભલે.

કેશવ— (૨૪)

કેમ છોડું કેમ છોડું ?
ફરૂં નિત્યદિન નિંદ હરી, ઠરૂં નિત્ય ખુન ખુન કરી,
મરૂં પણ નહિ રહું ઠરી. કેમ.
હાય લગાડી ખૂબ વિતાડી, વિપતી પાડી ને બાજી બગાડી,
થાપ ખવાડી લેક ઉપાડી;
ઠરૂં નહિ ડર પરહરિ, મરૂં પણ જીવ લઈ કરિ. કેમ.

ખારવા— (૨૫)

એક ડિવછ ઉરટીટી માટી એક ડિવછ ડરિયો ડોલે,
અજબ રંગસે !
પાનીમાં પરપોટાં પાકે ફુટી જાય ફટફટ બોલે.

પરપોટા પન પાનીના સે એ ગટને ગાની ટાલે,
અજબ રંગસે!

દરટી દુજી પાની સુયકું ભેડં અજબ અબદુટ બોલે.
વાડલને પરપોટે ગયલું વાડલ રયું પોટે વયો,
વાડલ એ પાનીને પિયે ને ખાર આખર ઠંડે ગિયો;
મોટીને પન્વાસાં ઉટાં રે ખારમાં ખારો હિયો,
વાડલડી પાની ઉટરૂં ને રંગ પાસો દઈ રિયો;
હરિની હરિ જાને પરપોટો ખોટા પરપોટા ડોલે,
અજબ રંગસે! પાની.

ખારવા— (૨૬)

આવો આવો છાહેબારે આ પીવા ટારી ડારૂ,
ભજીયાં ટાગનં સે ખાવાનાં ને જમ્માનું બઉ હારૂં.

૧. લો. ઊંહુંહું ઊંહુંહું ઉરાવ. * *
૨ જો. એં હે હે એં હે હે સેટાલ. * *
૪ ચો. એ હે હે હે હે હે હે હે એલાહે બછ બછ.
૨ જો. એઁ હઁ હઁ હઁ હઁ હઁ હઁ હઁ એલાહે ખછ ખછ,
૧ લો. પીવા ડેની પીવા ડેની—
૪ ચો. બીજા હું પીવાના પસી?
૨ જો. હીઠા હીઠા સોડી ડેની,
૪ ચો. નઇ સોડું,
૨ જો. લે ટારે આ પી.
બધા—એ હે હે હે!

રામલી—મુવા મને મારી ! લે પી ટારે ટારી !
૧ બો. ધરિયું તુયડું !
૨ જો. આઠમાંઠી સુયડું !
૩ જો. માહું ફુયડું !
૨ જો. ગુમરૂં ઉયડું ! આવો૦

ખા— છોકરો— (૨૭)

અમે બી ભાગ લેહું (૨) અવેલી બાંધી રેહું. (૨)
લારવાને પૂરી હીરોને રોટલી ખાહું ને ઓરકું લેહું,
ટારીનું ધરિયું લઇને હાડે, ડરિયે આંટા ડેહું. અમે૦
મરઘાંને મરઘી કુકરાં ને બકરાં પાંચ હાટ રૂપિયાના લેહું,
ઘોરાએ લેહું ને ગારીમાં બેહી, પોઇછ પોઇછ કેહું. અમે૦

રૂપાળી— (૨૮)

ખીલી દુનિયાં ખૂબ ! —
બહાર નિકળી નવિ નવિ કુંપ શોભીતાં રસભર પુષ્પ
ખિલ્યાં ! ખી૦
ભમર ગુંજાર ઘાઇ કરે મોહી ડંસ દે કુમળાંને,
પણ રંગ રંગીલાં કાંઇ નહી બોલે, જાય ઉડી રસ ખૂટે
રૂપ અનુપરે. ખી૦

માધવ— (૨૯)

સેંથો સમારી વાંળ હોળ્યા પાઘડી વાંકી મુકી,
પ્હેર્યાં મફતનાં લુગડાં ટેડા બની ચાલે ઝુકી,
બોલે ન પૂરો બોલ મુંડી આંખ પણ વાંકું જુવે,

ખસ્સા સિપાઈ ફાંકડા ઘર રોટલી વીના સુવે.
છે વાતમાં મોટા કદી જો જાત પર આવી પડે,
તો પાછલો લે માર્ગ સારી રાત શોધ્યા ના જડે,
આવ્યો સપાટે ગરિબ કોઈ ઝટ પકડિ કેદી કરે,
ફક્કડ મળ્યો જો કોઈ તો બાંકા મિયા જીવતા મરે.

રૂપાળી— (૩૦)

જેવી શોભે ચંદ્રથી કાળી રજની પણ રૂપાળી!
તેવા સજન આ ચંદ્ર રૂડા ને રંગીલા. જેવી૦
મળે રસિયા પતી અમન ચમન રંગ થાય—
ભલે રજની સજની થાય! ચંદ્ર૦
મળે સજની કદી સફળ સલૂણી કહેવાયે—
ભલે જનમી અવની માંય! ચંદ્ર૦

દાસી— (૩૧)

જોશી પીટયા ગરજ મતલબી પૈસે મૂરત જોય,
પેટ ભરે પોતાનું એકજ બીજાને નહીં રોય,
હત્ત મુવા જોશી! મરરે મુવા જોશી! મરજો તારી ડોશી

સ્ત્રીઓ— (૩૨)

તમે અજાણી ધરતીના ઉપર ડેરા દેજો રાજ,
ડેરા દેજો માળવણીને કાજ,
તારી માળવણી વણજારી જેપુર ડેરા દેજો રાજ,
ઘોડીલા જોઇએ તો કેશવભાઈના લેજો રાજ.
સાથે લેજો ઈંડરિયાં પલાણ. તારી૦

સાહેલીઓ— (૩૩)

બની મીઠી ઘટા ને વીજ ઝબકી ઘસી પડી,
નેહ સાચો એ મળી ભૂમિને બ્હામજી.
રૂપાળી રૂડી મળી સુંદરી સહીમાં,
રસિક બની ફરી ફરી ચમકી. ઘસી પડી નેહ૦
ભલે દૂર પણ સહિપણી ફીટી નહીં લગાર;
પાસે રસિયો નવ લુટયો એકલડીએ પ્યાર. ઘ૦ નેહ૦
લાગ્યો રસ રંગીલીને પ્હેલી પિયૂ પર પડી,
શરમાઈ સખા મળે ઠમકી. ઘસી પડી નેહ૦
ચતુરાએ ચૂકાવવા નિજ મનમાંની ધાર;
ચમકારા ચતુરાઈથી કરતી ઝટ ઝબકાર. ઘ૦ નેહ૦
ખરખરાટ મેઘ પડયો સ્યાણી બહુ ભિંજાણી;
નાદ ઉઠયો જય જય જય ઝબકી. ઘસી પડી નેહ૦

માધવ— (૩૪)

આં[illegible] સુખડની રૂડિ પૂતળી એ,
ચ[illegible] જગ નિરખે લળીને;
ર[illegible] હાથ ફરાવિ લે તે,
[illegible] કરમ હામ ચાલે!
[illegible] ળિ પુષ્પ શોભે,
મીઠી સુવાસ ભમરા કોર નાચ લોભે;
ત્યાં જાય ચિત્ત અહિઆં અહિં ચિત્ત તો ત્યાં,
એ નેહુ સાથ વસિ તો રસ લીન જોતાં.

સુંદર— (૩૫)

અનાથ ડાહી પણ થઇ ઘેલી,
નમિ રહિ દુખથી સ્મરણુ પ્રિતમનું,
તરૂ તજી થઈ અટવાતી વેલી. અ૦
ઘડિક રડી ઘડિક ઉંચી ડોકે,
ટગર મગર નિરખી રહી વ્હેલી,
ઘડિક થઈ ડોકી નમિ બાળા,
હાય ગયા કહી આશા મેલી ! અ૦

સુંદર— (૩૬)

મોઢાંને શું મ્હોવું મોઢું મૂરતીનું હોય સારૂં ?
સાગરનું ફુળ મોટું પાકે મોતી પાણી ખારૂં.
દાસી—મોઢું મોઢું નાનું નાનું.
ખારામાં છે ખારૂં મીઠું મીઠામાં શું એવું દીઠું ?
સુંદર—હું તો મારે બેઠી જપું !
દાસી—જપવામાં ફળ છે શું ?
સુંદર—હરી મારો બાળ લેશે, બાળ પ્રીતમની દેશે,
દશા વીશી સૌને આવે, ગયું નાક કયાંથી લાવે ?
દાસી—સમજો બા સૂખી થાશો, મોટામાં મોઢું કમાશો,
સુંદર—જારે ઘેલી હઠ મેલી, હુંતો મારે ગાંડી ગેલી !
મારાપર જાઉં વારી, બેઠી એક ટેક ધારી. મોઢાં૦

માધવ— (૩૭)

બહુ બહુ ફૂલાઇ સાગર નાચે કુદે હસીને,

પાડે તાળી અપાર અહીંથી તહીં ઉચો થઇ ખસીને.
જાણે નભથી નીજને સ્વચ્છ જોઇ ખુશ થાય,
કે પાળે નિજમાં જીવો એ બળથી હરખાય. અ૦
જાણે નભને ચીતરી છેકે કરી અભિમાન,
જાણે નિજમાં રવિ દિસે હરખી કરતો ગાન. અ૦

ખારવા— (૩૮)

હેલ્લે માલીહે (૩) દુનિયાં આ ડુબી સાલીરે,
હેલ્લે માલીહે (૩) દરિયામાં હોડી હકાલી એ;
હેલામ હેલ (૪) હેઈ છમાલી હેલામ સાલી (૨)
હેલ્લે માલીહે (૩) પરભૂની મેરે સાલીરે.

માધવ— (૩૯)

હજારો કટારી ભલેને ફરે,
હરી રાખનારો ન કોથી મરે;
ભુલે કાળ તે દેવ ધાર્યું કરે,
ઘણા પાણિ ડુબે ન નિર્ભે તરે.

સુંદર— (૪૦)

ઘડિમાં સ્યાણી ઘડિમાં ઘેલી સુકી લીલી પ્રેમ ભિંજેલી. ઘ.
બ્રહ્મજ્ઞાની જગ બ્રહ્મ નિહાળે પ્રેમ ધ્યાની પ્રેમી જગ ભાળે. ઘ.
જ્ઞાન થયું એકજ લ્હે ભાગી એક વિના ભાગી નિરભાગી. ઘ.

સુંદર— (૪૧)

હું અહીંછું રે પિયુ આવો આવો પ્યારા ! પિયુ,
ફુલ ખિલેલાં આ કળિ સુંદો.

સુંધે ન્યારાં ન્યારાં રે. પિયુ.
હાય હાય પિયુજી ગયા રહિ અઇ રાંકડિ બાળ;
ભાન ભુલી ભુંડી થઇ મેલ્યા છૂટા વાળ. પિયુ.
વજ્ર લિખ્યું શું કામનું સુંદર એકલિ બાળ;
સારસડી છૂટી પડી પિયુ પિયુ ખેંચે રાગ. પિયુ.

સુંદર— (૪૨)

વ્હાલા વિણુ એ વ્હાલી વિખુટી લુટાઇ કેમ ઠરે ?
હાય હાય ! ખાવા નહિ પીવા ધીરજ કેમ ધરે ?
હરિ હરિ થાકી પાકી દુઃખે રડિ રડિ બાળ મરે,
ભાળ ન દે કો કે ન બતાવે પિયુજી પિયુજી કરે;
પોકારી ફરી જગત બધું પિયુ પિયુ કરી પ્રાણુ હરે. વ્હા.

માધવ— (૪૩)

ઝુરીને બિચારી ! ઝાંખી થઇ ઘેલી ભાન ભુલી ગઇ. ઝુ.
પાણી વિના સૂકે વેલી ઘેલી નવ થાય,
આ તો ઘેલી થઇ પ્યારી ! થઇ૦
વેલી નહિ પ્યાર લતા રસ વિણુ ઘેલી થઇ,
મધુરી સુકાઇ મારી ! થઇ૦

અંક ત્રીજો.

છોકરા— (૪૪)

ચાલો ભાઇ ચાલો ભાઇ રે (૨)
લાવીએ આજે મીઠાઇ;

બીજો—જન્મ્યા છીએ આપણે આજે ધરાઇ. આ૦
બધા—મીઠાઇ બીઠાઇ જાવાદોને કાઢો કાંઇ રમત,
વાવાજી વાવાજી ઓહોહો આહાહા એજ મઝેની
ગમ્મત!. આ૦

ત્રીજો—ઠીકા પાડુ રમવાનું ભાઇ થાયછે આપણે મન;
બધા—ઠોકો અલ્યા—

ત્રીજો—ઓરે બાપ રે—
બધા—થયો કે હવે મગન? ચાલો૦

કેશવ— (૪૫)

કૃતિ વિચિત્ર કાળની હરી ફરી ગયો;
સત્ય સહુ ડુબી ગયું અસત્ય જય થયો. ફ૦
પાપી રહે સુખમાંજ ધર્મી હોય દુઃખી થાય,
મુર્ખ તે બધે મનાય પંડિત ગાંડો ગણાય,
અફળ વૃક્ષ વધ્યાં ખિલી બાગ આ રહ્યો. ફ૦

કેશવ— (૪૬)

અજબ આ નાટયભૂમી નિરધન પ્રવાસી વિચાર કરે,
ડર ન તલભાર ધરે,
જ્યાં સુધી પડદો જંગલનો ત્યાં સુધી હજાર કરે,
પછી ન લગાર કરે.
ભુવનનો પ્રવેશ આવ્યો લક્ષ્મી બળ પોકાર કરે,
રિપૂ બેસુમાર ફરે,
પ્રવેશી હવે ચિંતા જીંદગી અસાર કરે,

વિકટ દુ:ખ ભાર કરે.
ભલે વેરાન પડદો તડે રંગ અપાર કરે,
વિપતને હાર કરે,
સુશોભિત મ્હેલ પડદો હાય નિરાધાર કરે,
ગળે તલવાર ધરે.

કેદાર— (૪૦)

અંધારૂં શું જુતે ડરકણુરે—
કદિ નાનો મણી ચમકે ! ઘોર રહોર ઝણુણણુ ભલે કરે
સાથ રહોર ઘોર સણુણુણુ—
ફુંકતો ફુંકતો ફુત્કૂર ભયભિત તન મન—
રાખતો નાખતો બિહવારી વારી વાયુ ફરતો તાની
તોફાની. અં૦
મણિ રમણિક છજે નહિ વળે નહિ કદિ કાળી ઘટા પણ ઝામે
ઘણું નિર નામે બહુ બહુ ચમકે ચોમેરથી વિજ સબ સબ
ઉને નાદો
એ કડકડ ધુમ કડકડ કડકડ તકકડાન ધુમ કડ કડ
છે દિપે મણી તે મણી. અં૦

દાસ ઓ— (૪૮)

ઉગે ચંદ્ર રૂડો હરખી રજની રહી ! ઉ૦
એ નિરખી પરખી પ્રિતમ પ્યારા,
ન્યારા તારા કામણુગારા શોભિતા સારા ! ઉ૦

રૂડું તન અવનિ સુંદર ગયુ સૂકી નહિ મુખડું મલકાયું રમી,
મા૦—ચંદ્ર વિણુ રજની, ફક્ત રહે ઝાંખી નહિ અવની કરમાઈનમી. ઉ૦
સું૦—પ્રિતમ વિર જીવન અવનિના પ્રાણુ ક્યો કયમલીલી તલભાર રહે?
મા૦—પ્યારી તું અવની સ્વર્ગ નિરભયતણી દેવ વસે આનંદ વહે. ઉ૦

માધવ— (૪૯)

આંખે આંખ મિલાવે, સ્યાણી લલચાવે !
મધુરૂં હસીને મીઠી હસાવે, હળુ હળુ ભાવ બતાવે. આં૦
સુંદર મહીં જાદુ ભર્યાં આંખે ઠરી -હૃદયે વસે;
હેલી બની સ્યાણી સખી હર્ષે ભિજી સાચું હસે. આં૦
પાકી દોરી પ્યારની પતંગ પ્રિય સાથે ઉડે;
સદ્‌ગુણ ઠુમકા મારતી પતંગ વિણુ નબળી પડે. આં૦

માધવ— (૫૦)

કરે વક્ષ ઝુકી વખાણુ, નિરખીને સુંદર સ્થળ ભલું. ક૦
પ્રિયા પણે મોતી તોરણુ હલ્યાં, જાણે શુદ્ધ સ્વભાવે લળ્યાં,
જોઈ ગુણ મુખ સુંદર ભલું. કરે૦

સુંદર—

અહા ! મીઠી ચંપાની સુગંધ આવી, મેહિ ધસીદેવાલો ભાવી
સ્પર્શી ઉડી કદી હું લડું. કરે૦

માધવ— (૫૧)

સ્યાણી પણુ ડર રાખે માને ઘણું કરેલું થોડું,
સાચી સુંદર જગ મંદિરમાં સમજે કાંઇ નથી હું;
ધન્ય તને સ્યાણી, સતિની તું પટરાણી—ધ૦

દાસી— (૫૨)

વહિ પ્હાડ રૂડાથી ને ધાઈ ધન થનતી.

નોબત નગારાંનો નાદ રૂડી રંગભરિ ગુણી રસીલી બનતી. વ્હાડ૦
બેટી રંગથી અંગ ધસીને લાડ લડાવે ધસીને,
હદધીને મળી રંગ થાય. વ્હાડ૦

માધવ— (૫૩)

મુગ્ધા સખી મુખથી નહિ બોલે હ્રદયથી સહુ સ્હમજાવે;
ઘટ તરૂનો છાંયો સ્થિર રહિને શીતળ શરિર બનાવે;
ભાવે નિત ઠરવા, જોવાને જીવ ખુશ કરવા. ભા.

રમણિક— (૫૪)

શોભિત શિશ મુગટરે—શો૦
શ્રવન કુંડલ ભાલ તિલક ગુંજ માલ પીતાંબર,
કટિ કાછસે બિરાજે—શો૦
શંખચક્ર ગદા પદ્મ કર મોરલી અધર ધરી,
બિંદ્રાબન ચંદ્ર મધ્ય ગોપીમેં બિરાજે. શે૦
ગોપીનાથ મદનમોહન શ્રી નારાયન દામોદર,
બદ્રિદાસ કે પ્રભુ સપ્ત સૂર છાંય રહે,
સપ્ત સૂર તીન ગ્રામ નામ લેત. શો૦

રમણિક— (૫૫)

મટી રજપૂત તલવારી બટકવું કર્મમાં આવ્યું.
નસિબ છે મોટું બળ ધારી રઝળવું કર્મમાં આવ્યું.
પ્રભુજીએ કૃપા કીધી, જતાં જીવ વ્હાર વન દીધી,
ગણી નાનો ખબર લીધી. ૨
પિતાના પાપના છાંટા, નડે છે પુત્રને જાતા,

સુખી નથી પાપીઓ માતા. ૨૦
ફિટી રમણીક થઇ વાદી ભટકવું કર્મમાં આવ્યું.

બધાં— (૫૬)

ઉમંગ સંગ રંગ છે ધન્ય દીન આજે,
હરનારા—કરનારા—ન્યારા—પ્રભુ—પ્યારા—ગુણધારા,
રિપુ મારીને—દુખ વારીને—કરધારીને—સંભારીને;
સું ર—મેળવી સાથે ભેળવી નાથે પ્રિયતમ હાથે જયજય જય.
રમણીક—વિપત હરિ વિદારશે, સત્યને સુધારશે,
ઊદધીમાંથી તારશે; મગ્તાં એ ઉગારશે;
બધાં—સત્ય કરનાર તું, સત્ય ઠરનાર તું, સત્ય ધરનાર તું હે દેવા !
સુંદર—હારક તું—
રૂપાળી—જયકારક તું—
રમણીક—લયકારક તું—
માધવ—ભય વારક તું—સ૦

સિપાઇઓ— (૫૭)

પકડો બાંધો જકડો મારો એ પાપીને ઠાર,
શૂરા થઇ શું બ્હીતું યારો ચળકાવો તલવાર. ૫૦
૧. લો—કોવા પકડું ચકલાં ઝડપું તો એના શા ભાર ?
૨. જો—ભાલો મારૂં જો વાદળમાં કાઢું પેલે પાર,
૩. જો—કુતરાં બિલ્લાં મેંઢાં બકરાં સૌને મારૂં માર,
૪. યો.—બચ્ચાંને તો ઢુંપો દઇ દઉં તો એમાં શું સાર
બધા—વાહ વાહ વાહ વાહ વાહ વાહ વાહ ! ! (૨)

ઝડપ–સડપ–તડપ–તલપો સહુ સરદાર. ચ૦

રમણિક— (૫૮)

દૂર પાપી સમજી થા નહિતો મરશે,

કેસવ—કોમળ બાળક હજી છે !

રમણિક—નિશ્ચજન કદી વિજયી નહિ થાય,

જીવ લઈ જાતુ થાતું દુર આવી મને જાય દયા ! પા૦

સમજ સાર મન ઉતાર નહિ વાર કર તું સિધાર,

ઉભો હજી શું મુઢમતી સમજ સમજ તું જીવ જાશે,

માને નહિ ફટ ફટ ફટ હરસે જીવ. પા૦

કાળો }
બગો } (૫૯)
ચેવાં સકલાં બોલે પોપટ બોલે મેઠી મેઠી વાણી !

બેઠી આંબાની ડાળીએ બોલે કોયલ કાળી રાણી !

કાકાકા કાળાજી કેસે ટેકૂ ટેકૂ મોર !

કાળો—કરહણુની માયા આ ચેવી ! વગડામાં પણ હોર !

બગો—(સાલ જનાવર ખેતર ખાહે લુટી જાહે સોર.) ચે૦

કાળો—હિયાળ બોલે હુવા હુવા એ ડંકા જમના બાઇ,

કરહણુને જો તો બજીએ તો કાયા એળે ગઇ;

બગો—(હુંએ ભગત થવાનો તો પણ માળા ગઇ ખોવાઇ) ! ચે૦

વારાંગના— (૬૦)

જોડી બની રસીકની શોભે ઘણી રૂપાળી !

ગંગા ને જમના વહે ભૂમી થઇ રસાળી !

નિરમળ નારી જાતી પણ છે બળવાળી !

સાચી પ્રિત ફુટે કેમ છળકે પ્રીતી વારી !
હરે ઠારે મનને..............કરે શાંતિતનને !
રસ ઝરે કાંઇ તરે દુખ હરે સુખાળી !
પાપ હરે સ્વચ્છ કરે તૃષા હરે યશાળી ! જોડી•
રૂડી ચાલે રાચે મ્હાલે દિન ગાળે દયાળી !
નિહાળે છે એકી આંખે સ્નેહી પરે છે વારી !
ગુણીને ગુણી મળી તો જગ દીધું સુધારી !
થયું લીલું શિવ પાકે જોડી એ જશવાળી ! જોડી૦

(૬૧)

સુંદર } માધવ— }
રૂપાળી }
રમ. કેશવ— } આપો પ્રભુ સ્હાય પૂરણ ગુણીને,

બધાં—ગુણીને દયાળુ રાય, સાથી સત્યનો ગણાય;

જય સત્ય સાથે.

સુંદર } માધવ— }
રૂપાળી }
રમ. કેશવ } એ વિજય ગુણીને.................આ

સમાપ્ત.

